## રજા મંજૂર કરવાની સત્તાસોંપણી બાબત કાર્યપદ્ધતિના અમલ અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : રજઅ-2000-3946-પી,
સચિવાલય, ગાંધીનગર, તા. 10-10-2000

*વંચાણમાં લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : આરબીએસ-1064-192-(જે-ચ), તા. 8-6-'66.*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-2187-2129-પી, તા. 21-6-'88.*
*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : નવત-1291-511-પી, તા. 21-4-'92.*
*(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીઇએ-1066-યુઓ-2631-જે, તા. 30-4-'70.*
*(5) નાણાં વિભાગનો પરિપત્રક્રમાંક : રજઅ-1096-1191-5, તા. 7-8-'97.*

**પ રિ પ ત્ર :**

નાણાં વિભાગના આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવો / પરિપત્રથી ખાસ અશક્તતા રજાઓ સિવાયની રજાઓ મંજૂર કરવાની સત્તાસોંપણી કરવામાં આવેલ છે. તા. 7-8-'97ના પરિપત્રથી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે કે સરકારશ્રીએ નિયત કરેલ સત્તામર્યાદાથી રજાઓ વધતી હોય તેવા સંજોગોમાં વિભાગે મંજૂર કરેલ રજાઓની મંજૂરીના હુકમો રદ કરીને નાણાં વિભાગ સમક્ષ સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે.

2. આ બાબતે સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે કેટલાક વહીવટી વિભાગો તરફથી રજામંજૂરીની સત્તાઓના અમલ બાબતે તેમ જ રજામંજૂરીની દરખાસ્તો રજૂ કરતી વખતે ઉપર્યુક્ત સૂચનાઓ પરત્વે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. તેમ જ તે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવામાં આવતી નથી. પરિણામે નાણાં વિભાગ સમક્ષ રજામંજૂરીની દરખાસ્તોનું પ્રમાણ સતત વધતું રહેવા પામ્યું છે.

આથી સરકારશ્રી હવે પછી વિભાગ, ખાતા, કચેરીના વડાની હાલની રજામંજૂરીની સત્તામર્યાદામાં વધારો કરી નીચે દર્શાવ્યા પ્રમાણેની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવે છે :

(1) ખાસ અશક્તતા રજા, હૉસ્પિટલ રજાની નાણાં વિભાગ પાસે જ મંજૂરી મેળવવાની રહેશે.

(2) પ્રાપ્તરજા, અર્ધપગારી રજા, રૂપાંતરિત રજાઓ, બધી મળીને કુલ 240 દિવસની સત્તામર્યાદા સુધી વિભાગ, ખાતા, કચેરીના વડા મંજૂર કરી શકશે.

(3) અસાધારણ રજાઓ 160 દિવસ સુધીની વિભાગ, ખાતા, કચેરીના વડા મંજૂર કરી શકશે.

(4) જ્યારે ઉપરના ક્રમ (2) અને (3) હેઠળની રજાઓની સંયુક્ત રીતે મંજૂરી કરવાની વિચારણા કરવાની હોય ત્યારે જો કુલ રજાઓ 400 (ચારસો) થી વધતી હોય ત્યારે નાણાં વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

સરકારશ્રીએ નિયત કરેલ સત્તામર્યાદાથી રજાઓ વધતી હોય તેવા સંજોગોમાં વિભાગ, ખાતા / કચેરીના વડાએ મંજૂર કરેલ રજાઓની મંજૂરીના હુકમો રદ કરીને નાણાં વિભાગ સમક્ષ સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે. વધુમાં આમુખમાં દર્શાવેલ ઠરાવો/પરિપત્રની અન્ય જોગવાઇઓ પણ અમલમાં રહે છે. આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની તમામ વહીવટી વિભાગોની જવાબદારી રહેશે. આ અંગે તમામ વહીવટી વિભાગનું તેમના નિયંત્રણ હેઠળ ખાતાંઓ/કચેરીઓના વડાઓનું પણ ધ્યાન દોરવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ હુકમોનો અમલ પરિપત્ર પ્રસિદ્ધ થયાની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શામજી પટેલ
સંયુક્ત સચિવ, નાણાં વિભાગ